GJGS020021052022

## **–:: રે. દિ. મુ. નં. ૧૨૧/૨૦૨૨ ના કામે આંક–૦૫ લગત હુકમ ::–**

આ કામના વાદીએ આ કામના પ્રતિવાદીઓ વિરૂધ્ધ ભાડાવાળી મિલકતનો કબજો મળવા માટે દાવો કરેલ છે અને હાલના દાવા સાથે આ કામના વાદીએ આંક–૦૫ થી સી. પી. સી. ઓર્ડર–૩૯ રૂલ–૧, ૨ તથા કલમ–૧૫૧ હેઠળ વચગાળાનો મનાઇ હુકમ મેળવવા અરજી કરેલ છે. જેમાં આ કામના વાદીએ પોતાના દાવા અરજી મુજબની હકીકત જણાવી હાલની અરજીના કામે એવી અરજ કરેલ છે કે, આ કામના પ્રતિવાદી કે તેના મળતીયા કે પ્રતિવાદીના કોઇ વ્યકિતઓ, એજન્ટો, નોકરો કે કુલ–મુખત્યાર મારફત વાદી ટ્રસ્ટની માલીકીની મિલકત કે જે ગીર–સોમનાથ જીલ્લાના વેરાવળ તાલુકા ના વેરાવળ શહેરના મધ્યે જૈન દવાખાનાથી સુભાષ રોડ તેમજ ગાંધી રોડ પર આવેલ '' મહારાજશ્રીના ડેલા '' વાળી જગ્યા કે જેના ચો. ગજ ૧૩૧૦૩–૧–૩૧ પૈકી ઉપર બાંધકામવાળી મિલકત પૈકી સદરહુ મિલકતમાંથી ખોજા ખાના દરવાજા ઉપર છ મકાન પૈકી ઉપર છ મકાન પૈકી પહેલું મકાનમાં આ કામના પ્રતિવાદી અન્ય કોઇને પ્રવેશ કરે કે કરાવે નહીં, કોઇપણ વ્યકિત કે સંસ્થા કે અન્યને ટ્રાન્સફર, એસાઇન કે તબદીલ કરે કે કરાવે નહીં કે કોઇપણ પ્રકારના હકકો ઉભા કરે કે કરાવે નહીં તેમજ પ્રતિવાદી અન્ય કોઇને વેચાણ, ગીરો, લીઝ, બક્ષીસ કે અન્ય કાંઇ આ પ્રકારે ટ્રાન્સફર એસાઇન કરે કરાવે નહીં તેવો પ્રતિવાદી વિરૂધ્ધ દાવાનો આખરી નિકાલ થતાં સુધીનો મનાઇ હુકમ ફરમાવવા અરજ છે.

આ કામે પ્રતિવાદીએ આંક–૨૧ થી વાદીની દાવા અરજી તથા મનાઇ હુકમ અરજીના વાંધા જવાબ રજૂ કરેલ છે. ત્યારબાદ આંક–૨૪ થી પુરસીસ રજૂ કરી આ કમના પ્રતિવાદી વારસદાર અન્ય કોઇને પેટા ભાડે આપીશું નહીં એ મુજબનો મનાઇ હુકમ આપવામાં આવે તો તેઓને વાંધો નથી જે પુરસીસથી જાહેર કરેલ છે.

આ કામે વાદી તથા પ્રતિવાદીની રજૂઆતો સાંભળી. તેમજ પ્રતિવાદીએ આંક–૨૪ થી પુરસીસ રજૂ કરી જાહેર કરેલ છે કે, આ કમના પ્રતિવાદી વારસદાર અન્ય કોઇને પેટા ભાડે આપીશું નહીં એ મુજબનો મનાઇ હુકમ આપવામાં આવે તો તેઓને વાંધો નથી. આમ, વાદીની હાલની આંક–૦૫ ની અરજીની દાદ મુજબ પ્રતિવાદી ભાડાવાળી મિલકત દાવો ચાલતા દરમ્યાન અન્ય કોઇને પેટા ભાડે આપવા માગતા ન હોવાનું જાહેર કરેલ હોય વાદીની આંક–૦૫ ની અરજી તળે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

વાદીની આંક–૦૫ ની વચગાળાનો મનાઇ હુકમ મેળવવા માટેની અરજી પ્રતિવાદીની આંક–૨૪ વાળી પુરસીસના આધારે ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજ તા. ૨૭મી, માહે–જુન, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : વેરાવળ
તારીખ : ૨૭/૦૬/૨૦૨૪

(અલારખા અલીભાઇ રૂંઝા)
ત્રીજા અધિક સિનિયર સિવિલ જજ,
વેરાવળ.
(કોડ નં. જીજે૦૧૧૫૦)